34

59

બોર્ડ દવારા બોરમાં ઉતારેલ કેસીગ પાઈપની લંબાઈ
ની ચકાસણી કરવા માટે વસાવેલ મેગ્નેટીક યંત્રોના
વપરાશનું વ્યવસ્થિત રજીસ્ટર રાખવા બાબત

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
સેકટર—૧૬, ગાંધીનગર.

પત્રાંકઃ— મુ.ઈ.(યાં)/૧૦૯૮/ગોધરા/તપાસ/એમ—૪/૯૫૭/૨ તાઃ ૨૯/૧/૨૦૦૦.

પરિપત્રઃ—

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરના તાબા હેઠળની યાંત્રિક શાખાની વર્તુળ કચેરી, વિભાગીય કચેરી તથા પેટા વિભાગીય કચેરીને આથી સુચના આપવામાં આવે છેકે બોર્ડ દવારા યાંત્રિક શાખાની અમુક વિભાગીય કચેરીમાં મેગ્નેટીક યંત્રની ખરીદી કરવામાં આવેલ છે. જેની ચુંબકીય શકિતથી બોરમાં ઉતારેલ લોખંડના કેસીગ પાઈપનું માપ ઈલેકટ્રોડ કેબલ સાથે જોડી બોરમાં ઉતારીને જાણી શકાય છે. આવા યંત્રોના વપરાશનું વ્યવસ્થિત રેકર્ડ /રજીસ્ટર રાખવામાં આવેલ ન હોય,આવા યંત્રોની ખરીદી જરુરી કે કેમ ? તેની સ્પષ્ટતા થઈ શકતી નથી. જે કચેરીમાં આવા મેગ્નેટીક યંત્રો વસાવેલા છે તે દરેક કચેરીને આથી સુચના આપવામાં આવે છે. કે આવા યંત્રો થી દરેક બોર પૂર્ણ થયા પછી, માપ લેતી વખતે કેશીગ પાઈપ કેટલો વપરાયેલ છે. તે અચૂક પણે માપવું. તેમજ હેન્ડપંપ રીપેરીગ માટે પાઈપ લાઈન બહાર કાઢવામાં આવે છે. ત્યારે પણ તે બોરમાં કેટલી લંબાઈનો કેશીગ પાઈપ ઉતારેલ છે. તે ચકાસવું અને તેનું વ્યવસ્થિત રજીસ્ટર બનાવી, તેમાં રેક નોંધ સામે યંત્રનો ઉપયોગ કરેલ હોય તેણે સહી કરવી.અને દર ત્રણ મહિને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીએ તથા દર છ માસે કાર્યપાલક ઈજનેરશ્રી અને તથા દર વર્ષે અધિક્ષક ઈજનેરશ્રીએ તેમાં નિયમિત રીતે સહી કરવાની સુચના છે.

આ પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવા વિનંતી.

(એસ.એમ.ઝવેરી)
મુખ્ય ઈજનેર(યાં)

નકલ સાદર રવાના પ્રતિઃ—

૧ઃ મા.અધ્યક્ષશ્રી, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર.
૨ઃ મા.સભ્ય સચિવશ્રી, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર.
૩ઃ નાણાં નિયંત્રકશ્રી, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર.
૪ઃ મુખ્ય ઈજનેરશ્રી (સર્વે)
૫ઃ મુખ્ય વહીવટી અધિકારીશ્રી,

નકલ રવાના પ્રતિઃ—

૧ઃ અધિક્ષક ઈજનેરશ્રી (યાં), (સર્વે) / તકેદારી એકમ , બોર્ડ કચેરી, ગાંધીનગર.
૨ઃ કાર્યપાલક ઈજનેરશ્રી(યાં),(સર્વે)/ તકેદારી એકમ , બોર્ડ કચેરી, ગાંધીનગર.
૩ઃ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી (યાં),(સર્વે)/ તકેદારી એકમ , બોર્ડ કચેરી, ગાંધીનગર.
૪ઃ પરિપત્ર ફાઈલ.
૫ઃ માસ્ટર ફાઈલ.